Published Date:	29 Nov 2018	Publication:	Standard herald (Gujarati)
Edition:	Ahmedabad	Page No:	11
MAV/CCM:	5050/5.05	Circulation:	123000

TCS IT વિઝ ૨૦૧૮ની નેશનલ ચેમ્પિયન્સ વડોદરાની સંત કબીર બની

મુંબઈ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ એ ૨૫ નવેમ્બર, ૨૦૧૮ને રવિવારે મુંબઈના વિલાન્તા તાજ પ્રેસિડન્ટમાં યોજાયેલી એની ગ્રાન્ડ ફાઈનલમાં ભારતની સૌથી મોટી ઈન્ટરસ્કૂલ ક્વિઝ કોમ્પિટિશન ગ્રજ્ઞ વિઝ ૨૦૧૮નાં વિજેતાઓની જાહેરાત કરી હતી. ગ્રજ્ઞ વિઝ ચેમ્પિયનશિપ ટાઈટલ વડોદરાની સંત કબીર સ્કૂલનાં ભવ્યા રાનિંગા અને નિહાર શાહને મળ્યું હતું. જ્યારે સ્કૂલ માટે વિજેતા ટીમે ડિજિટલ શોપિંગ માટે ₹૧૫૦,૦૦૦ મૂલ્યનાં ઈ-વાઉચર્સ, ગોલ્ડ મેડલ અને ચેમ્પિયન ટ્રોફી જીતી હતી, ત્યારે રનર્સ અપ કોટાગિરીની સેન્ટ જ્યૂડ્સનાં યાઝલિની શણમુગમ અને હર્ષ અગ્રવાલે ડિજિટલ શોપિંગ માટે ₹૧૦૦,૦૦૦નાં ઈ-વાઉચર, સિલ્વર મેડલ અને ટ્રોફી જીતી હતી.

TCS™kt CEO અને **MD** શ્રી રાજેશ ગોપીનાથને નેશનલ ફાઈનલ પર કહ્યું હતું કે, "ભારતભરનાં ઘણાં વિદ્યાર્થીઓએ અત્યાધુનિક ટેકનોલોજીઓ અપનાવી છે, જે પ્રેરક બાબત છે. હકીકતમાં નાં માર્ગે અગ્રેસર થવું જ ભવિષ્ય છે અને આ સેગમેન્ટમાં ભારતે છેલ્લાં ઘણાં દાયકાથી પ્રગતિ કરી છે. આ જ માર્ગે આપણે ફરી શક્તિશાળી રાષ્ટ્ર બન્યાં છીએ. મને અત્યારે આ ક્ષણનાં સાક્ષી બનવાનો ગર્વ છે અને હું વિજેતાઓને તથા તમામ ટીમનાં અભિનંદન આપું છું, જેમણે વિઝ ૨૦૧૮ને ભવ્ય સફળતા અપાવી છે."